# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત. - ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ - suratdeo@gmail.com

Fax No :- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ web :- www.suratdeo.org


જા.નં./વિકલાંગ રોસ્ટર/૨૦૨૪/ ૫૫૬૨ તા.૧૮-૦૫-૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી, **(લઘુમતી સિવાય)**

બિન સરકારી અનુદાનિત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,

સુરત.જિ.સુરત.

**વિષય** : બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં દિવ્યાંગ રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરવા બાબત.

**સંદર્ભ** :- કમિ.કચેરીના પત્ર ક્રમાંક : ધ/મા-૨/વકલ/૨૦૨૪/૪૭૩૦-૪૭૬૩ તા.૧૮-૦૫-૨૦૨૪

ઉપરોક્ત વિષય અન્વયે Writ Petition (PIL) NO. 46 of 2023 અન્વયે દિવ્યાંગો માટે જગ્યાઓ સુનિશ્ચિત કરવા અને દિવ્યાંગ અનામત રોસ્ટર નિભાવવાની કામગીરી તાત્કાલિક પૂર્ણ કરવાની હોવાથી સંદર્ભદર્શિત પત્રનો અભ્યાસ કરી **તા.૨૦-૦૫-૨૦૨૪ને સોમવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે શારદાયતન હાઈસ્કૂલ, પીપલોદ, સુરત ખાતે** નીચે જણાવેલ આધાર પૂરાવા સાથે શાળાના આચાર્ય તેમજ જાણકાર કર્મચારીએ ફરજિયાત કેમ્પમાં હાજર રહેવાનું રહેશે. તા.૨૦-૦૫-૨૦૨૪ના રોજ પ્રમાણપત્ર આપવા માત્ર હોવાથી એક જ દિવસમાં રોસ્ટર પ્રમાણિત કરવાના હોવાથી જો હાજર રહેવામાં નહિ આવે તો તે અંગેની અંગત જવાબદારી આચાર્યશ્રીની રહેશે.જે અંગેની ગંભીરતાથી નોંધ લેશો.

**રજીસ્ટર પ્રમાણિત કરાવવા લાવવાના આધારો અને સાહિત્ય :**

- શાળા દ્વારા નિભાવેલ આજદિન સુધીના તમામ શૈક્ષણિક રોસ્ટર રજીસ્ટર (માધ્યમિક)
- શાળા દ્વારા નિભાવેલ આજદિન સુધીના તમામ શૈક્ષણિક રોસ્ટર રજીસ્ટર (ઉચ્ચત્તર માધ્યમિક)
- કોરા લીટીવાળા ચોપડા નંગ – ૨ (પાકા પૂંઠાના)
- આચાર્યના સહી/સિક્કા, રાઉન્ડ સીલ, કોરા લેટરપેડ તથા જરૂરી સ્ટેશનરી
- આ પત્ર સાથેના કોરા વિકલાંગ રજીસ્ટર પત્રક – ૧ (૦૫ નકલ) અને પત્રક – ૨ (૦૨ નકલ) લાવવી.

**નોંધ :-**

1) તા.૦૧-૦૧-૨૦૦૦થી તા.૧૬-૦૯-૨૦૨૧ સુધીમાં શાળામાં સીધી ભરતીથી નિમાયેલ શિક્ષકોની યાદી રોસ્ટર રજીસ્ટરના નમૂના પત્રક મુજબ બનાવી લાવવા રહેશે.(માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક અલગ અલગ પત્રકમાં)
2) તા.૧૭-૦૯-૨૦૨૧ પછીના શાળામાં સીધી ભરતીથી નિમાયેલ શિક્ષકોની યાદી રોસ્ટર રજીસ્ટરના નમૂના પત્રક મુજબ બનાવી લાવવાની રહેશે.(માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક અલગ અલગ પત્રકમાં)
3) દિવ્યાંગ રજીસ્ટર મા નોધ કરવા તા.૦૧-૦૧-૨૦૦૦ પહેલા નિમણુંક પામેલ શિક્ષકોને ધ્યાને લેવાના નથી.

4) શિક્ષકની જે શાળામાં મૂળ નિમણૂંક થઈ હોય તે જ શાળાના રજીસ્ટરમા નોંધવાના રહેશે.

5) ફાજલ શિક્ષકની ગણતરી તેની મૂળ ભરતી થયેલી શાળામાં જ રજીસ્ટરમાં નોધવાની રહેશે.

6) તા.૦૧-૦૧-૨૦૦૦ પછી નિમણૂંક પામેલ પરંતુ નિવૃત્ત/મૃત્યુ/સ્વૈ.નિવૃત્તિ/રાજીનામું થયેલા શિક્ષકને પણ ધ્યાને લઈ રજીસ્ટરમાં નોંધવાના રહેશે.

7) તા.૦૧-૦૧-૨૦૦૦ પછી નિમણૂંક થયેલ દિવ્યાંગ શિક્ષક કયા પ્રકારની દિવ્યાંગતા છે તે અંગેની માહિતી સાથે આવવું.

બિડાણ :- ઉપર મુજબ

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત.જિ.સુરત.

અગત્યનું/કોર્ટ મેટર

File No. ED/MSM/e-file/3/2024/1449/V.2

શિક્ષણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૫-૫-૨૦૨૪

પ્રતિ,

(૧) કમિશ્નરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, બ્લોક-૨/૬ કર્મયોગી ભવન, ગાંધીનગર.

(૨) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૩) નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર.

(૪) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯,ગાંધીનગર.

(૫) સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર નં ૧૦-બી, ગાંધીનગર.

(૬) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, સેક્ટર નં ૧૨, ગાંધીનગ

(૭) નિયામકશ્રી, ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ, સેકટર-૧૦, ગાંધીનગર

(૮) નિયામકશ્રી, એન.સી.સી. હનુમાન કેમ્પ, કેન્ટોનમેન્ટ એરીયા, અમદાવાદ

(૯) સેકશન અધિકારીશ્રી(ન, લ, ખ, ધ.) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

વિષય- Writ Petition(PIL) No.46 of 2023

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વેના જણાવવાનું કે, Writ Petition(PIL) No.46 of 2023 અન્વયે દિવ્યાંગો માટે જગ્યાઓ સુનિશ્ચિત કરવા અને દિવ્યાંગ અનામત રોસ્ટર નિભાવવાની કામગીરી પૂર્ણ કરવા બાબતે તા.૧૪/૦૫/૨૦૨૪ના રોજ નાયબ સચિવશ્રી(સંકલન)ની અધ્યક્ષતામાં યોજાયેલ બેઠકમાં થયેલ ચર્ચા મુજબ દિવ્યાંગજનો માટે આપના દ્વારા ભરતી કરવામાં આવતા સંવર્ગોમાં દિવ્યાંગો માટેની જગ્યાઓ માટે જરૂરી ઠરાવો કરવાના બાકી હોઇ, તે સત્વરે પૂર્ણ કરવા અને વિકલાંગ રોસ્ટર રજિસ્ટર તૈયાર કરવા સૂચના આપવામાં આવેલ છે. જે અન્વયે સામાન્ય વહીવટ વિભાગ તરફથી મળેલ વિકલાંગ રોસ્ટર રજિસ્ટરનો નમૂનો અને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૩/૦૮/૨૦૧૧ અને તા.૧૭/૦૯/૨૦૨૧ના ઠરાવની નકલ તથા વિકલાંગ રોસ્ટર બનાવવા માટેની જરૂરી સુચનાઓ આ સાથે મોકલી આપવામાં આવે છે. જેની સુચનાઓને ધ્યાને લઇ, દિવ્યાંગજનો માટે આપના દ્વારા ભરતી કરવામાં આવતા સંવર્ગોમાં દિવ્યાંગો માટેની જગ્યાઓ માટે જરૂરી ઠરાવો કરવાના બાકી હોઇ, તે સત્વરે પૂર્ણ કરવા અને વિકલાંગ રોસ્ટર રજિસ્ટર બનાવવાની કામગીરી એક અઠવાડીયામાં પૂર્ણ કરવા જણાવવામાં આવે છે. વધુમાં આ સાથે સામેલ પત્રક મુજબની માહિતી તૈયાર કરી તાત્કાલિક અત્રે મોકલી આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(અંકુરકુમાર ઉપાધ્યાય)

ઉપ સચિવ

શિક્ષણ વિભાગ.

બિડાણઃ-ઉપર મુજબ.

નકલ રવાનાઃ-

(૧) નાયબ સચિવશ્રી (પ્રા.શિ./ટે.શિ.) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) નાયબ સચિવશ્રી (ઉ.શિ.) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૩) નાયબ સચિવશ્રી (મા.શિ./એફ.આર.સી./અપીલ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) નાયબ સચિવશ્રી (સેવા/મહેકમ.) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

ટોચની અગ્રતા/કોર્ટ મેટર

ઈ-મેલ મારફતે

ક્રમાંક: ધ/મા-૨/વકલ/૨૦૨૪/૪૭૩૦-૪૭૬૩

નિયામકશ્રી શાળાઓની કચેરી.

બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર,

પુનીતવનની સામે, સેક્ટર-૧૯,

ગાંધીનગર, ગુજરાત-૩૮૨૦૨૧

તા.૧૮-૦૫-૨૦૨૪

પ્રતિ

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,

તમામ, ગુજરાત રાજ્ય.

વિષય: રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં દિવ્યાંગ રોસ્ટર રજીસ્ટર બનાવવા બાબત.

સંદર્ભ :
1. સા. વ. વિભાગના તા.03/૦૮/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૦૨૦૦૯-૯૩૧૨૭-ગ.૨
2. સા. વ. વિભાગના તા.૧૭/૦૯/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ.૨
3. શિક્ષણ વિભાગના તા.૦૫/૦૫/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૯/૧૭૭૪/ગ
4. શિક્ષણ વિભાગના તા.૧૯/૦૫/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: BMS/11/2019/631243/G
5. શિક્ષણ વિભાગના તા.૧૫/૦૫/૨૦૨૪ ના પત્ર-ક્રમાંક: ED/MSM/e-file/3/2024/1449/V.2
6. શિક્ષણ વિભાગના તા.૧૮/૦૫/૨૦૨૪ ના પત્ર-ક્રમાંક: ED/MSM/e-file/3/2024/1449/V.2

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનુ કે, Writ Petition (PIL) No.46 of 2023 અન્વયે દિવ્યાંગો માટે જગ્યાઓ સુનિશ્ચિત કરવા અને દિવ્યાંગ અનામત રોસ્ટર નિભાવવાની કામગીરી તત્કાલિક પૂર્ણ કરવા સંદર્ભ-૫ અને ૬ થી શિક્ષણ વિભાગ કક્ષાએ યોજાયેલ બેઠકમાં સુચના થઈ આવેલ છે.

આ સંદર્ભે નીચે મુજબની સુચનાઓ આપના તાબા હસ્તકની તમામ ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ.મા. શાળાઓમાં આપી તેનો **તાત્કાલિક અમલ કરાવી તેની કાર્યવાહી તા.૨૧/૦૫/૨૦૨૪ ના રોજ સાંજે ૦૪.૦૦ કલાક સુધીમાં પૂર્ણ કરી અત્રે નિયત પ્રમાણપત્ર ઈ-મેલ ssmadhyamik3@gmail.com પર અચૂક મોકલી** આપવાનુ રહેશે. જે માટે નીચેની સુચનાઓ ધ્યાને લેવી.

1. બિનસરકારી અનુદાનિત શાળાઓને શાળાદીઠ અને વિભાગદીઠ (માધ્યમિક અને ઉ.મા. વિભાગ) શિક્ષણ સહાયક સંવર્ગ માટે દિવ્યાંગ રોસ્ટર બનાવવાના રહેશે.
2. આ સંબંધિત દિવ્યાંગ રોસ્ટરમાં તા.૦૧/૦૧/૨૦૦૦ થી તા.૧૭/૦૯/૨૦૨૧ સુધી થયેલ સંવર્ગવાર (દિવ્યાંગ અને સામાન્ય બન્ને) સીધી ભરતીમાં પસંદ થયેલ તમામ કર્મચારીઓને ક્રમાનુસાર (ક્રમ-૧ થી શરૂ કરી) આ સાથે સામેલ સા.વ.વિ.ના તા.03/૦૮/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૦૨૦૦૯-૯૩૧૨૭-ગ.૨ ના પરિશિષ્ટ મુજબ તૈયાર કરવાનું રહેશે.(ઠરાવની નકલ સામેલ છે)
3. રોસ્ટર રજીસ્ટરમાં સીધી ભરતીથી નિમણૂંક અંગેના રજીસ્ટરમાં કોલમ નં.૭ માં ક્રમ- ૩૪, ૬૮ અને ૧૦૦ ને દિવ્યાંગ વ્યકતિઓ માટે સુનિશ્ચિત થયેલ હોઈ, ત્યાં "અનામત" શબ્દ લખવો. જ્યારે અન્યમાં "બિનઅનામત" શબ્દ લખવો.
4. આ રોસ્ટર રજીસ્ટરમાં તા.૧૭/૦૯/૨૦૨૧ સુધી નિમણૂંક કરેલ તમામ નામોની નોંધણી કર્યા બાદ છેલ્લી આવેલ રોસ્ટર ક્રમને ધ્યાને લઈને નીચે મુજબ તારીજ બનાવવાની રહેશે.

| સા.વ.વિ.ના તા.03/૦૮/૨૦૧૧ ના ઠરાવ અનુસાર તારીજ | | | |
|---|---|---|---|
| ક્રમ | વિગત | સંખ્યા | રીમાર્ક્સ |
| ૧ | શારીરિક ખોડ ખાંપણથી ભરવાપાત્ર જગ્યાઓ | | |
| ૨ | ભરાયેલ જગ્યાઓ | | |
| 3 | તફાવત (વધ કે ઘટ) | | |

5. આ તારીજમાં ભરવાપાત્ર જગ્યાઓ તા.03/૦૮/૨૦૧૧ ના ઠરાવ મુજબ ક્રમ-૩૪,૬૮ અને ૧૦૦ ને ધ્યાને લેતા ભરવાપાત્ર જગ્યાઓ નક્કી કરવાની રહેશે.

6. તા.૧૭/૦૯/૨૦૨૧ બાદ ૪% દિવ્યાંગ અનામત લાગુ થયેલ હોઈ, તા.૧૭/૦૯/૨૦૨૧ બાદ સીધી ભરતીથી નિમાયેલ કર્મચારીઓને સામાન્ય વહીવટ વિભાગના તા.૧૭/૦૯/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ.૨ મુજબ નવા દિવ્યાંગ રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે. પરંતુ સદર રજીસ્ટરમાં એન્ટ્રી કરતા પહેલા પ્રથમ રજીસ્ટરના છેલ્લો અનામત (દિવ્યાંગ) ક્રમ બાદ તુરંત પછીના ક્રમથી તમામની એન્ટ્રી નવા રજીસ્ટરમાં કરવાની રહેશે.(ઠરાવની નકલ સામેલ છે)

7. તા.૧૭/૦૯/૨૦૨૧ બાદ ૪% દિવ્યાંગ અનામત અંગેની તારીજ નીચે મુજબ બનાવવાની રહેશે.

| સા.વ.વિ.ના તા.૧૭/૦૯/૨૦૨૧ ના ઠરાવ અનુસાર તારીજ | | | |
|---|---|---|---|
| ક્રમ | વિગત | સંખ્યા | રીમાર્કસ |
| ૧ | શારીરિક ખોડ ખાંપણથી ભરવાપાત્ર જગ્યાઓ | | |
| ૨ | ભરાયેલ જગ્યાઓ | | |
| 3 | તફાવત (વધ કે ઘટ) | | |

8. ઉક્ત બન્ને તારીજોનો સરવાળો કરતા દિવ્યાંગોની ભરવાપાત્ર કુલ જગ્યાઓ મળશે.

આ પરિપત્રના સંદર્ભે વધુ અર્થઘટન અર્થે ઉક્ત સંદર્ભ દર્શિત ઠરાવ-૧ અને ૨ ને ધ્યાને લઈને કાર્યવાહી કરવાની રહેશે.

**નોધ: સદર બાબતે વિસ્તૃત માહિતી માટે તા.૨૦/૦૫/૨૦૨૪ ના સોમવારના રોજ વિડિયો કોન્ફરન્સનું આયોજન કરવામાં આવનાર છે. જેની લીંક અને સમય વોટ્સઅપ ગૃપમાં શેર કરવામાં આવશે.**

## પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે __________જિલ્લામાં આવેલ કુલ _____ બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓના કુલ ____ દિવ્યાંગ રોસ્ટર રજીસ્ટર તથા બિનસરકારી અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના કુલ ____ દિવ્યાંગ રોસ્ટર રજીસ્ટર એમ કુલ મળીને ______ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉ.મા. શાળાઓના કુલ ____ દિવ્યાંગ રોસ્ટરો રજીસ્ટરો રેકર્ડ આધારિત તૈયાર કરી તેની તારીજો કાઢવામાં આવેલ છે. વધુમાં, ઉક્ત શાળાઓ સિવાય અન્ય કોઇ બિનસરકારી અનુદાનિત શાળામાં દિવ્યાંગ રોસ્ટર રજીસ્ટર તૈયાર કરવાના બાકી રહેતા નથી.

(સહિ સિક્કા)

તા. 

જિલ્લા શિક્ષણાધિકારી

જિલ્લો:

બિડાણ: ઉપર મુજબ.

મદદનીશ નિયામક
ભરતી
ગાંધીનગર

# વિકલાંગ રોસ્ટર રજિસ્ટર સબનાવવા સંબંધી સુચનાઓ

- વિકલાંગ રોસ્ટર રજિસ્ટર એ વર્ષ ૨૦૦૦ થી થયેલ સીધી ભરતીમાં પસંદ થયેલા તમામ કર્મચારીઓનું એક લિસ્ટ જ છે.
- આ રજિસ્ટરમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૦૩/૦૮/૨૦૧૧ ના વિકલાંગ રોસ્ટર રજિસ્ટરના નમુના મુજબનું એક લિસ્ટ તા.૦૧/૦૧/૨૦૦૦ થી તા.૧૭/૦૯/૨૦૨૧ પહેલા જે ૩% મુજબ થયેલ ભરતીના બધા નામોનો સમાવેશ કરીને બનાવવાનું રહેશે. જેમા છેલ્લે જે ક્રમાંક આવે તેની સાથે એક તારીજ બનાવવાની રહેશે.

| ક્રમ | વિગત | સંખ્યા | રીમાર્ક્સ |
|---|---|---|---|
| ૧ | શારીરિક ખોડ ખાંપણથી ભરવાપાત્ર જગ્યાઓ | | |
| ૨ | ભરાયેલ જગ્યાઓ | | |
| ૩ | તફાવત (વધ કે ઘટ) | | (જો કોઇ ઘટ ત્રણ ભરતી પ્રસંગો સુધી આગળ ખેચી છતાં ન ભરાયેલ હોય તો આધારો આપી તેટલી ઘટ દુર કરી શકાશે.) |

- આ પત્રકમાં લિસ્ટમાં જે ક્રમાંક છેલ્લે આવ્યો હોય તેમાં તા.૦૩/૦૮/૨૦૧૧ ના ઠરાવ મુજબ ક્રમ ૩૪,૬૮ કે ૧૦૦ ને ધ્યાને લેતા ભરવાપાત્ર જગ્યાઓ નક્કી કરવાની રહેશે. તેમજ ત્યાર પછીના લિસ્ટમાંના કર્મચારીઓને તા. ૧૭/૦૯/૨૦૨૧ મુજબના નવા વિકલાંગ રજિસ્ટરમાં એન્ટ્રી કરવાની રહેશે.
- ઉદાહરણ રૂપે,

| ક્રમ | તા.૦૩/૦૮/૨૦૧૧ મુજબ રજિસ્ટર બનાવતા છેલ્લે આવેલ ક્રમાંક | વિકલાંગની ભરવાપાત્ર જગ્યા | તા.૧૭/૦૯/૨૦૨૧ ના ઠરાવ મુજબના નમુનામાં લખવાના ક્રમાંકો તથા યાદી |
|---|---|---|---|
| ૧ | ૬ | ૦ | ૧ થી ૬ |
| ૨ | ૩૨ | ૦ | ૧ થી ૩૨ |
| ૩ | ૫૦ | ૧ | ૩૫ થી ૫૦ |
| ૪ | ૯૮ | ૨ | ૬૯ થી ૯૮ |

| | | | |
|---|---|---|---|
| ૫ | ૩૬૯ | ૧૧ | ૩૬૯ |
| ૬ | ૪૩૧૩ | ૧૨૯ | ૪૩૦૧ થી ૪૩૧૩ |

- ત્યારબાદ તા.૧૭/૦૮/૨૦૨૧ પછીની ૪% વાળી ભરતી થયેલ કર્મચારીઓને તા.૧૭/૦૯/૨૦૨૧ ના વિકલાંગ રોસ્ટર રજીસ્ટરમાં ઉપરના ક્રમાંકો સામેલ રાખી પછીથી એન્ટ્રી કરીને તેની પણ એક તારીજ બનાવવાની રહેશે.

| ક્રમ | વિગત | સંખ્યા | રીમાર્ક્સ |
|---|---|---|---|
| ૧ | શારીરિક ખોડ ખાંપણથી ભરવાપાત્ર જગ્યાઓ | | |
| ૨ | ભરાયેલ જગ્યાઓ | | |
| ૩ | તફાવત (વધ કે ઘટ) | | (જો કોઇ ઘટ બે ભરતી પ્રસંગો સુધી આગળ ખેચી છતાં ન ભરાયેલ હોય તો આધારો આપી તેટલી ઘટ દુર કરી શકાશે.) |

- આમ કર્યા પછી બંને તારીજોનો સરવાળો કરતા વિકલાંગોની ભરવાપાત્ર જગ્યાઓ મળશે. જેને ધ્યાને લઇને આગળની ભરતીમાં ઘટ મુજબની વધારાની વિકલાંગોની ભરતી બહાર પાડવાની રહેશે.

**વિકલાંગ વ્યકિતઓ માટે રાજ્ય સરકારની સેવાઓ / જગ્યાઓમાં સીધી ભરતી માટેના રોસ્ટર ક્રમાંક અને રોસ્ટર રજીસ્ટર નિભાવવા અંગે.**

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ—સીઆરઆર/૧૦૨૦૦૯/૯૩૧૨૭/ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ—૦૩/૦૮/૨૦૧૧.

**વંચાણમાં લીધાઃ—**

(૧) સામાન્ય વહીવટ વિભાગનું તારીખઃ—૧૯/૨/૨૦૦૦ નું જાહેરનામું ક્રમાંકઃ— ગસ/૨૦૦૦/૪/સીઆરઆર—૧૦૯૪—૧૬૫૪—ગ.૨,

(૨) સામાન્ય વહીવટ વિભાગનો તારીખઃ—૪/૫/૨૦૦૨ નો ઠરાવ ક્રમાંકઃ— સીઆરઆર—૧૦૨૦૦૦—જીઓઆઈ—૭—ગ.૨.

(૩) ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ પર્સોનલ, પબ્લીક ગ્રીવન્સીસ એન્ડ પેન્શન(ડીપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનીંગ)ની તા.૨૯/૧૨/૨૦૦૫ ની કચેરી યાદી ક્રમાંકઃ—૩૬૦૩૫/૩/૨૦૦૪/ એસ્ટા(રીઝર્વેશન)

**ઠ રા વઃ—**

સામાન્ય વહીવટ વિભાગના ઉપર્યુક્ત વંચાણ હેઠળના ક્રમાંક—(૧) સામેના તા.૧૯/૨/૨૦૦૦ ના જાહેરનામાથી વિકલાંગો માટે ૩ ટકા જગ્યાઓ અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી છે. જયારે વંચાણ હેઠળના ક્રમાંક(૨) સામેના સામાન્ય વહીવટ વિભાગના તારીખઃ૪/૫/૨૦૦૨ ના ઠરાવથી ભારત સરકારના વિકલાંગ(સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પુર્ણ ભાગીદારી)ધારો, ૧૯૯૫ અને વંચાણ હેઠળના ક્રમાંક—(૧) સામેના તા.૧૯/૨/૨૦૦૦ ના જાહેરનામાથી વિકલાંગો માટે ૩ ટકા જગાઓ અનામત રાખવાની કરવામાં આવેલ જોગવાઈ અનુસાર જો વિકલાંગ ઉમેદવાર પસંદગી પામે તો તેને જે તે યોગ્ય કેટેગરી(જેવી કે, અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ/સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ/સામાન્ય કેટેગરી)એટલે કે ઉમેદવાર જે કેટેગરીનો હોય તે કેટેગરીમાં મુકવો તેવું ઠરાવવામાં આવેલ છે. ભારત સરકારની ઉપર વંચાણમાં લીધેલ ક્રમાંકઃ—(૩) સામેની તા.૨૯/૧૨/૨૦૦૫ ની કચેરી યાદીથી વિકલાંગ વ્યક્તિઓ માટેની અનામત જગ્યાઓ ભરવા સંબંધે ૧૦૦ ક્રમાંકનું રોસ્ટર રજીસ્ટર નિભાવવાની જોગવાઈ કરી તે અંગેના રજીસ્ટરનો નમુનો નિયત કરવામાં આવેલ છે. આથી રાજ્ય સરકારની સેવાઓ અને જગ્યાઓમાં પણ સીધી ભરતીમાં વિકલાંગો માટે નિયત કરાયેલ અનામત જગ્યાઓ યોગ્ય રીતે ભરાય તેમજ તેનું વ્યવસ્થાપન પણ થઈ શકે તે માટે રોસ્ટર રજીસ્ટર નિયત કરવાની / નિભાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાને અંતે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છેઃ—

(૧) વિકલાંગ વ્યક્તિઓ માટેની સીધી ભરતીથી ભરવાની થતી અનામત જગ્યાઓના સંદર્ભમાં આ

P.T.O.

સાથે સામેલ પરિશિષ્ટ મુજબનું સીધી ભરતીથી નિમણૂંક અંગેનું ૧૦૦ ક્રમાંકોનું અનામત રોસ્ટર રજીસ્ટર નિભાવવાનું રહેશે.

(૨) સીધી ભરતીથી નિમણૂંક અંગેનું દરેક રજીસ્ટર ૧૦૦ ક્રમાંકનું રહેશે અને તેમાં ક્રમાંક:૩૪, ૬૮ અને ૧૦૦ વિકલાંગ વ્યક્તિઓ માટે સુનિશ્ચિત થયેલા રહેશે.

(૩) દરેક સંવર્ગમાં સુનિશ્ચિત કરાયેલ જગ્યાઓમાં બિનઅનામત તેમજ અનામત એવી તમામ જગ્યાઓ જેમ જેમ ભરાય તેમ તેમ તેની નોંધણી પ્રસ્તુત અનામત રોસ્ટર રજીસ્ટરમાં કરવાની રહેશે અને ૧૦૦ ક્રમાંકના અંતે વિકલાંગો માટેની સુનિશ્ચિત થયેલી જગ્યાઓ યોગ્ય પ્રકારે ભરાય તે અંગેની જરૂરી કાળજી રાખવાની રહેશે.

૩. સરકારશ્રીના ઉપર્યુક્ત ઠરાવનો અમલ ચુસ્તપણે કરવા આથી સચિવાલયના સર્વે વિભાગો / ખાતાના વડાઓને સૂચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( સી.એમ.સદાદીયા )
નાયબ સચિવ(ક.ગ.૧),
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

**બિડાણઃ– પરિશિષ્ટ.**

પ્રતિ,
રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ / રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ. સચિવાલય, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/ અમદાવાદ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો, તેમના તાબાના ખાતાના વડા તથા કચેરીઓના વડાને યોગ્ય સૂચનાઓ આપવાની વિનંતી સાથે.
સામાન્ય વહીવટ વિભાગના તમામ અધિકારીશ્રીઓ / શાખાઓ.
<u>પસંદગી ફાઈલ</u>
× પત્ર ધ્વારા.

સામાન્ય વહીવટ વિભાગનાં તા.૦૩/૦૮/૨૦૧૧ નાં ઠરાવ ક્રમાંકઃ—સીઆરઆર/૧૦૨૦૦૯/૯૩૧૨૭/ગ.૨ નુ બિડાણ પત્રક.

વિકલાંગ વ્યકિતઓની સીધી ભરતીથી ભરવાની જગ્યાઓનું રોસ્ટર રજીસ્ટરનો નમુનો.

| ભરતીનું વર્ષ | આવર્તક નંબર અને રોસ્ટર ક્રમાંક નંબર | જગ્યાનું નામ | જો કોઈ જગ્યા ચોકકસ પ્રકારની અપંગતા માટે સુનિશ્ચિત કરાયેલ હોય તો | | | બિનઅનામત કે અનામત (x) | નિમણૂંક અપાયેલ વ્યકિતનું નામ અને નિમણૂંકની તારીખ | નિમણૂંક પામેલ વ્યકિત VH/HH/OH કે કોઈ નહીં (xx) | રિમાર્કસ જો હોય તો |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | અંધત્વ અથવા ઓછી દૃષ્ટિ VH | શ્રવણની ખામી HH | હલનચલન વિકલાંગતા અથવા મગજનો લકવા OH | | | | |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

(x) જો જગ્યા **VH / HH / OH** માટે અનામત હોય તો સંબંધિત કોલમમાં દર્શાવવી, અન્યથા બિનઅનામતના કોલમમાં દર્શાવવી.

(xx) નિમણૂંક પામેલ વ્યકિત **VH / HH / OH** કે અન્ય છે તે બાબત સ્પષ્ટ રીતે દર્શાવવી.

**દિવ્યાંગજનો માટે રાજ્ય સરકારની સેવાઓ/જગાઓમાં ચાર ટકા અનામત રાખવા બાબત.**

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક:સીઆરઆર-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ.૨
સચિવાલય, ગાંધીનગર.
તારીખ.૧૭/૯/૨૦૨૧

**વંચાણે લીધા :**

(૧) સા.વ.વિ.નું તા.૧૯/૦૨/૨૦૦૦નું જાહેરનામું : જીએસ/૨૦૦૦/૪/સીઆરઆર/૧૦૯૪-૧૬૫૪/ગ.૨
(૨) સા.વ.વિ.નો તા.૧૫/૦૨/૨૦૦૧ નો ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૨૦૦૦/જી.ઓ.આઇ.૭/ગ.૨
(૩) સા.વ.વિ.નો તા.૧૫/૧૨/૦૧નો પરિપત્ર ક્રમાંક:સીઆરઆર/૧૦૨૦૦૦/જીઓઆઇ.૭/ગ.૨/ભાગ-૧
(૪) સા.વ.વિ. નો તા.૦૪/૦૫/૨૦૦૨નો ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૨૦૦૦/જીઓઆઇ-૭/ગ.૨
(૫) સા.વ.વિ. નો તા.૦૧/૧૨/૨૦૦૮નો પરિપત્ર ક્રમાંક: પરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ.૨
(૬) સા.વ.વિ. નો તા.૦૩/૦૮/૨૦૧૧નો ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૨૦૦૯/૯૩૧૨૭/ગ.૨
(૭) ભારત સરકારનો તા.૨૮/૧૨/૨૦૧૬નો The Rights of Persons with Disabilities Act,2016
(૮) મિનિસ્ટ્રી ઓફ પર્સોનલ, પબ્લીક ગ્રીવન્સ & પેન્શન, ડિ.ઓ.પી.ટી. ભારત સરકારનો તા.૧૫/૧/૨૦૧૮નો કાર્યાલય આદેશ ક્રમાંક: ૩૬૦૩૫/૦૨/૨૦૧૭-ઇએસટીટી (આઇએસ)
(૯) સા.વ.વિ.નો તા.૨૫/૧૦/૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૨૦૧૭/૪૭૪૧૦૯/ગ.૨

**પ્રસ્તાવના :**

વંચાણે લીધેલ ક્રમાંક (૧) થી (૬) ઉપરના જાહેરનામા, ઠરાવો અને પરિપત્રોથી રાજ્ય સરકારના વર્ગ-૧ થી વર્ગ-૪ ની સેવાઓ અને જગ્યાઓમાં દિવ્યાંગ વ્યકિતઓ માટે અશકત વ્યકિત (સમાન તક, અધિકાર સંરક્ષણ અને સંપૂર્ણ ભાગીદારી) અધિનિયમ-૧૯૯૫ ની કલમ-૩૩ હેઠળ સીધી ભરતીના કિસ્સામાં ૩% અનામત રાખવાની તેમજ તેની અમલવારી સંદર્ભે જરૂરી સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

The Rights of Persons with Disabilities Act, 2016 અમલમાં આવતાં ભારત સરકાર દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક:(૮) ઉપરના કાર્યાલય આદેશથી સીધી ભરતીના કિસ્સામાં દિવ્યાંગજનો માટે ચાર ટકા જગ્યાઓ અનામત રાખવા અંગેની સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેને ધ્યાને લઈ તથા The Rights of Persons With Disabilities Act, 2016ની કલમ-૨ (આર) હેઠળ કરવામાં આવેલ વ્યાખ્યા મુજબ, દિવ્યાંગજનો માટે સદર એક્ટની કલમ-૩૪ માં દર્શાવ્યાનુસાર રાજ્ય સરકારની સેવાઓ/જગ્યાઓમાં દિવ્યાંગો માટે અનામતને લગતી સૂચનાઓ પ્રસિધ્ધ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાના અંતે આથી, નીચે મુજબની સૂચનાઓ પ્રસિધ્ધ કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ**

**૧. દિવ્યાંગ અનામતની ટકાવારી**

૧.૧ રાજ્ય સરકારના વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩ ના સંબંધિત સંવર્ગમાં સીધી ભરતીથી ભરવાની થતી કુલ ખાલી જગ્યાના ચાર ટકા જગ્યાઓ સુનિશ્ચિત કરવામાં આવેલ દિવ્યાંગતા (benchmark disabilities) ધરાવતી વ્યકિતઓ માટે અનામત રહેશે.

૧.૨ પ્રસ્તુત ઠરાવના ફકરા-૨ની જોગવાઇઓ હેઠળ અનામતમાંથી મુકિત આપવામાં આવેલ હોય તે સિવાય, દિવ્યાંગતા માટે નક્કી કરવામાં આવેલી જગ્યાઓ સામે, નીચે જણાવેલ ખંડ (a), (b) અને (c) હેઠળ

દર્શાવેલ દિવ્યાંગતાના દરેક ખંડ માટે એક ટકા તથા ખંડ (d) અને (e) હેઠળ દર્શાવેલ દિવ્યાંગતા માટે એક ટકા જગ્યાઓ અનામત રાખવાની રહેશે.

(a) અંધત્વ અને ઓછી દ્રષ્ટિ,
(b) બધિર અને ઓછું સાંભળનાર,
(c) મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિતમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ,
(d) સ્વલીનતા (autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બીમારી,
(e) બહેરાશ-અંધત્વ સહિતની ખંડ (a) થી (d) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ.

**૨. અનામતમાંથી મુક્તિ**

રાજ્ય સરકારનો કોઇ પણ વિભાગ બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ્સ ધરાવતી વ્યક્તિઓ માટે અનામતની જોગવાઇઓમાંથી કોઇ મહેકમ અથવા કોઇ સંવર્ગ અથવા સંવર્ગોને સંપૂર્ણપણે અથવા અંશતઃ મુક્તિ આપવાનું આવશ્યક માને છે તો તે અંગે સંબંધિત વિભાગે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળની પેટા તજજ્ઞ સમિતિને વિગતવાર કારણોસહ દરખાસ્ત રજૂ કરવાની રહેશે. સબંધિત વિભાગ દ્વારા કરેલ દરખાસ્ત પરત્વે સંબંધિત જગ્યાની કામગીરીના પ્રકારને ધ્યાનમાં રાખીને પેટા તજજ્ઞ સમિતિ કોઈ પણ મહેકમ અથવા કોઇ સંવર્ગ અથવા સંવર્ગોને દિવ્યાંગ અનામતની જોગવાઇઓમાંથી સંપૂર્ણપણે અથવા અંશતઃ મુક્તિ આપી શકશે.

**૩. દિવ્યાંગજનો માટે અનામત ન હોય તેવી જગ્યા પર ઉમેદવારી કરવા અંગે**

સીધી ભરતીથી જગ્યા ભરવાના પ્રસંગે દિવ્યાંગ ઉમેદવાર માટે જગ્યા અનામત ન હોય ત્યારે સંબંધિત જગ્યા માટે બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ્સ ધરાવતી વ્યક્તિને દિવ્યાંગ માટે અનામત ન હોય તેવી જગ્યા સામે નિમણૂંક મેળવવા માટે સ્પર્ધા કરવાનો ઇન્કાર કરી શકાશે નહી. આમ, સીધી ભરતીના કિસ્સામાં બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ્સ ધરાવતી વ્યક્તિ માટે અનામત ન હોય તેવી ખાલી જગ્યા સામે બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ ધરાવતા ઉમેદવાર મેરિટના આધારે નિમણૂંક મેળવી શકશે. પરંતુ, તે જગ્યા બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ્સ ધરાવતી વ્યક્તિઓ માટે યોગ્ય હોવાનું નિયત કરવામાં આવેલ હોય.

**૪. દિવ્યાંગતાનું પ્રમાણપત્ર**

દિવ્યાંગ અનામતનો લાભ મેળવવા માંગતી દિવ્યાંગ વ્યક્તિએ સક્ષમ સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલું દિવ્યાંગતા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર કોઇ જગ્યા માટે આવી વ્યક્તિની પસંદગી સમયે સક્ષમ સત્તાધિકારી દ્વારા નક્કી કરવામાં આવે તે પ્રમાણે ખરાઇ/પુનઃખરાઇને અધીન રહેશે.

**૫. દિવ્યાંગ અનામત રોસ્ટરનો યોગ્ય રીતે નિભાવ**

**૫.૧** સંબંધિત નિમણૂંકી મહેકમે સંવર્ગ મુજબ ૧૦૦ ક્રમાંકનું દિવ્યાંગ વ્યક્તિ માટેની અનામત જગ્યા દર્શાવતું આ સાથે પરિશિષ્ટ- 'અ' મુજબનું અલગ રોસ્ટર રજીસ્ટર નિભાવવાનું રહેશે અને દરેક સીધી ભરતી પ્રસંગે તેમાં અવશ્ય નોંધ કરવાની રહેશે.

**૫.૨** દરેક રજીસ્ટરમાં ૧૦૦ ક્રમાંક(Points)નું આવર્તન (Cycle) રહેશે અને ૧૦૦ ક્રમાંકનાં દરેક આવર્તનને ચાર ઘટક(Blocks)માં વહેંચવાનું રહેશે જેમાં નીચે પ્રમાણેના ક્રમાંકનો સમાવેશ થશે.

પ્રથમ ઘટક- ક્રમાંક નં.૦૧ થી ક્રમાંક નં.૨૫

બીજો ઘટક - ક્રમાંકનં.૨૬ થી ક્રમાંક નં.૫૦

ત્રીજો ઘટક - ક્રમાંક નં.૫૧ થી ક્રમાંક નં.૭૫

ચોથો ઘટક - ક્રમાંક નં.૭૬ થી ક્રમાંક નં.૧૦૦

**૫.૩** રોસ્ટરના ક્રમાંક ૧,૨૬,૫૧, અને ૭૬ને બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ્સ ધરાવતી વ્યક્તિઓ માટે અંકિત કરવાના રહેશે અને સંબંધિત ચાર કક્ષાની દિવ્યાંગતાની દરેક કક્ષા માટે એક પોઇન્ટ સુનિશ્ચિત કરવાનો રહેશે. મહેકમના વડાએ સુનિશ્ચિત કરવાનું રહેશે કે ક્રમ ૧,૨૬,૫૧, અને ૭૬માં નક્કી કરવામાં આવેલી ખાલી જગ્યાઓ બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ્સ ધરાવતી વ્યક્તિઓ માટે અંકિત કરવામાં આવી છે. જો કે, સંસ્થાના વડા રોસ્ટર રજીસ્ટરમાં પસંદગી પામેલ ઉમેદવારનું સ્થાન નક્કી કરી શકશે.

**૫.૪** તમામ ખાલી જગ્યાઓની નોંધ (બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ્સ ધરાવતી વ્યક્તિઓ માટે અનામત રાખવામાં આવેલી જગ્યાઓને લક્ષમાં લીધા વિના) રોસ્ટર રજીસ્ટરમાં કરવાની રહેશે. ક્રમાંક ૧ ઉપર આવતી ખાલી જગ્યા બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ્સ ધરાવતી વ્યક્તિ માટે નક્કી કરવામાં આવી ન હોય અથવા સંસ્થાના વડાને તે જગ્યા બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ્સ ધરાવતી વ્યક્તિથી ભરવી ઉચિત ન લાગે અથવા કોઇ પણ કારણસર બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ્સ ધરાવતી વ્યક્તિથી ભરવી શકય ન હોય તો ક્રમાંક-૨ થી ક્રમાંક-૨૫ પૈકીના કોઇપણ ક્રમાંકમાં આવતી જગ્યાઓમાંથી કોઇ પણ એક જગ્યા બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ્સ ધરાવતી વ્યક્તિ માટે અનામત ગણીને તે અનુસાર ભરવાની રહેશે.

**૫.૫** તે જ પ્રમાણે, ક્રમાંક ૨૬ થી ૫૦ અથવા ક્રમાંક ૫૧ થી ૭૫ અથવા ક્રમાંક ૭૬ થી ૧૦૦ પૈકીના કોઇ પણ ક્રમાંકમાં આવતી ખાલી જગ્યા બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ્સ ધરાવતી વ્યક્તિથી ભરવાની રહેશે. ક્રમાંક ૧,૨૬,૫૧ અને ૭૬ અનામત રાખવાનો હેતુ સૌ પ્રથમ ઉપલબ્ધ જગ્યા ભરવાનો છે.

**૫.૬** ક્રમાંક ૧ થી ૨૫ સુધીની કોઇપણ ખાલી જગ્યા ઉપર બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ્સ ધરાવતી વ્યક્તિ ઉપલબ્ધ ન થઈ શકી હોય એવા સંજોગોમાં ક્રમાંક ૨૬ થી ૫૦ સુધીની ખાલી જગ્યાઓમાંથી બે જગ્યા બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ્સ ધરાવતી વ્યક્તિ માટે અનામત હોય તે રીતે ભરવાની રહેશે. જો ક્રમાંક ૨૬ થી ૫૦ સુધીની ખાલી જગ્યા માટે પણ બેન્ચમાંર્ક ડિસેબિલિટીઝ્સ ધરાવતી વ્યક્તિ ઉપલબ્ધ ન થઈ શકી હોય તો, ક્રમાંક ૫૧ થી ૭૫ સુધીની ખાલી જગ્યાઓમાંથી ત્રણ જગ્યા બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ્સ ધરાવતી વ્યક્તિ માટે અનામત હોય તે રીતે ભરવાની રહેશે. તેનો અર્થ એવો થયો કે ખાસ બ્લોકમાં કોઇ ખાલી જગ્યા ઉપર બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ્સ ધરાવતી વ્યક્તિ ઉપલબ્ધ ના થઈ શકી હોય તો તેને ત્યારપછીના બ્લોકમાં આગળ ખેંચવાની રહેશે.

**૫.૭** રોસ્ટરના તમામ ૧૦૦ ક્રમાંક આવરી લીધા પછી ૧૦૦ ક્રમાંકનું નવું આવર્તન શરૂ કરવાનું રહેશે.

**૫.૮** વર્ષમાં ખાલી જગ્યાઓની સંખ્યા એક બ્લોક (૨૫ ખાલી જગ્યા) અથવા બે બ્લોક (૫૦ ખાલી જગ્યા) આવરી લેવા જેટલી જ હોય તો, રોસ્ટર પોઇન્ટ અનુસાર બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ્સની કક્ષાનો સમાવેશ કરવો. જો કે, ઉક્ત ખાલી જગ્યા સંબંધિત કક્ષા માટે નક્કી કરવામાં ન આવી હોય તેવા કિસ્સામાં સંસ્થાના વડા જગ્યાનો પ્રકાર, સંબંધિત ગ્રેડ/જગ્યા વગેરેમાં દિવ્યાંગતાની કક્ષાનું પ્રતિનિધિત્વનું સ્તર વગેરેના આધારે કક્ષા નક્કી કરી શકશે.

**૬. સીધી ભરતીના કિસ્સામાં અનામતની પરસ્પર અદલાબદલી અને અનામત જગ્યા આગળ ખેંચવા અંગે.**

**૬.૧** કોઇ ભરતી વર્ષમાં કોઇ એક ચોક્કસ બેંચમાર્ક ડિસેબિલિટિઝ ધરાવતી વ્યક્તિ ઉપલબ્ધ ન થાય તેવા સંજોગોમાં સૌ પ્રથમ આગળ દર્શાવેલ ચાર કક્ષાની દિવ્યાંગતાઓ પૈકી અન્ય ત્રણ દિવ્યાંગતાઓ ધરાવતી

વ્યક્તિથી તે જગ્યા ભરવાની રહેશે. ઉક્ત પ્રયત્ન છતાં પણ જો બેંચમાર્ક ડિસેબિલિટિઝ ધરાવતી વ્યક્તિ ઉપલબ્ધ ન થાય તેવા સંજોગોમાં બેંચમાર્ક ડિસેબિલિટિઝ સિવાયની વ્યક્તિઓ દ્વારા આ જગ્યા ભરવાની રહેશે. પરંતુ, આ જગ્યાઓ બેંચમાર્ક ડિસેબિલિટિઝ ધરાવતા ઉમેદવારથી ભરી શકાઇ ન હોવાથી આવી ખાલી જગ્યાને ત્યાર પછીના ભરતીવર્ષમાં રોસ્ટરમાં 'ઘટ' તરીકે આગળ લઇ જવાની રહેશે.

૬.૨ ત્યારપછીના ભરતીવર્ષમાં આ 'ઘટ' દિવ્યાંગતાની જે કક્ષા માટે ભરતીના પ્રારંભિક વર્ષમાં અનામત રાખવામાં આવી હોય તે કક્ષા માટે તેને અનામત ગણવાની રહેશે. તેમ છતાં યોગ્ય બેંચમાર્ક ડિસેબિલિટિઝ ધરાવતી વ્યક્તિ ઉપલબ્ધ ન થાય તો ચાર કક્ષાની દિવ્યાંગતાઓ પૈકી અન્ય ત્રણ દિવ્યાંગતાઓથી ભરવાની રહેશે. જો ઉપર દર્શાવ્યા મુજબના પ્રયત્ન છતાં પણ યોગ્ય બેંચમાર્ક ડિસેબિલિટિઝ ધરાવતી વ્યક્તિ ઉપલબ્ધ ન થાય તેવા સંજોગોમાં બેંચમાર્ક ડિસેબિલિટિઝ સિવાયની વ્યક્તિથી જગ્યા ભરી શકાશે.

૬.૩ ઉપરના પ્રયત્નો પૈકી જે ખાલી જગ્યા જે કક્ષા માટે અનામત રાખવામાં આવી હોય તે કક્ષાની બેંચમાર્ક ડિસેબિલિટિઝ ધરાવતી વ્યક્તિથી ભરવામાં આવે કે ચાર કક્ષાની દિવ્યાંગતાઓ પૈકી અન્ય ત્રણ દિવ્યાંગતાઓ ધરાવતી વ્યક્તિથી ભરવામાં આવી હોય, તો તે જગ્યાને દિવ્યાંગજનોના અનામત દ્વારા ભરવામાં આવી છે તેમ માનવાનું રહેશે.

માંગણીપત્રકમાં દર્શાવેલ ખાલી જગ્યા બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ્સ ધરાવતી વ્યક્તિ સિવાયના વ્યક્તિથી ભરવામાં આવે તો અનામતને ત્યારપછીના બે ભરતી વર્ષો સુધી આગળ ખેંચવામાં આવશે અને ત્યારબાદ અનામત રાખેલ જગ્યા રદ થઈ જશે. આ બે અનુગામી વર્ષોમાં પણ આ પ્રકારની સ્થિતિ સર્જાય તો, અનામત ખાલી જગ્યા ભરવા માટે પ્રથમ અનુગામી ભરતી વર્ષમાં અપનાવવામાં આવેલી પધ્ધતિ જ અપનાવવાની રહેશે.

૬.૪ દિવ્યાંગ અનામતની જગ્યાઓ બિન-અનામત જગ્યામાં પરિવર્તિત કરવાના કિસ્સા ઓછામાં ઓછા બને તે સુનિશ્ચિત કરવાનું રહેશે. કોઇ ભરતીમાં બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ્સ ધરાવતા ઉમેદવારોનો અગાઉના વર્ષોનો વધારાનો ક્વોટા આગળ ખેંચવામાં આવ્યો હોય તેવા સંજોગોમાં પસંદ થનાર દિવ્યાંગ ઉમેદવારને પ્રથમ આ વધારાના ક્વોટા સામે કાળક્રમ અનુસાર ગણવાનો રહેશે. તમામ ખાલી જગ્યાઓ માટે ઉમેદવાર ઉપલબ્ધ ન હોય તો જૂની આગળ ખેંચવામાં આવેલી જગ્યાઓ પહેલી ભરવામાં આવશે અને હાલની ખાલી જગ્યાઓ ન ભરાય તો તેને આગળ ખેંચવામાં આવશે. દરેક ભરતીમાં ઉમેદવારોની જાણ માટે બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ્સ ધરાવતી વ્યક્તિ માટે અનામત ખાલી જગ્યાની વિગતો જાહેરાતમાં દર્શાવવાની રહેશે.

**૭. બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ્સ ધરાવતી વ્યક્તિઓને સંબંધિત વર્ટીકલ કેટેગરીમાં હોરીઝોન્ટલ સરભર કરવા બાબત.**

૭.૧ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને અન્ય પછાત વર્ગો માટેની અનામતને વર્ટીકલ અનામત કહેવામાં આવે છે. દિવ્યાંગ, ભૂતપૂર્વ સૈનિક અને મહિલા અનામતને હોરીઝોન્ટલ અનામત કહેવામાં આવે છે. હોરીઝોન્ટલ અનામત અને વર્ટીકલ અનામત પરસ્પર સંકળાયેલા છે, તેને ઇન્ટરલોકિંગ અનામત કહે છે. બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ્સ ધરાવતી વ્યક્તિ માટેના કોટામાંથી પસંદગી પામેલી વ્યક્તિને અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ/અન્ય પછાત વર્ગોના અનામત માટે બનાવવામાં આવેલા રોસ્ટરમાં સંબંધિત કેટેગરીમાં રાખવામાં આવે છે. દા.ત. કોઇ એક વર્ષમાં સંબંધિત જગ્યા માટે બેન્ચમાર્ક ડીસએબીલીટીઝ્સ ધરાવતી વ્યક્તિ માટે બે જગ્યા અનામત રાખવામાં આવી છે અને નિમણૂંક કરવામાં આવેલા બે બેન્ચમાર્ક ડીસએબીલીટીઝ્સ ધરાવતી વ્યક્તિમાંથી એક વ્યક્તિ અનુસુચિત જાતિની છે અને અન્ય વ્યક્તિ બિન-

અનામત કક્ષાની છે, તો અનુસુચિત જાતિની બેન્ચમાર્ક ડીસએબીલીટીઝ્સ ધરાવતી વ્યક્તિને રોસ્ટરમાં અનુસૂચિત જાતિના પોઇન્ટ સામે જ્યારે બિન અનામત બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ્સ ધરાવતી વ્યક્તિને રોસ્ટરમાં બિનઅનામત પોઇન્ટ સામે સરભર કરવાના રહેશે. સંબંધિત જાહેરાતમાં અનુસુચિત જાતિ માટે કોઇ જગ્યા તેમના અનામત પોઇન્ટ મુજબ ખાલી ન હોય તો અનુસૂચિત જાતિની બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ્સ ધરાવતી વ્યક્તિને ભવિષ્યમાં અનુસૂચિત જાતિ માટે અનામત રખાયેલી આગામી ઉપલબ્ધ ખાલી જગ્યા સામે સરભર/સમાયોજિત કરવામાં આવશે.

૭.૨ બેન્ચમાર્ક ડીસએબીલીટીઝ્સ ધરાવતી વ્યક્તિઓને અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ/સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો/આર્થિક રીતે નબળા વર્ગો અથવા બિન-અનામત વર્ગોના અનામત માટે બનાવવામાં આવેલા રોસ્ટરમાં સંબંધિત તે કેટેગરીમાં દર્શાવવાના હોય છે. આથી, બેન્ચમાર્ક ડીસએબીલીટીઝ્સ ધરાવતી વ્યક્તિઓ માટે અનામત રાખવામાં આવેલા ક્વોટા હેઠળ અરજી કરનાર દિવ્યાંગ ઉમેદવારોએ અરજીપત્રકમાં તેઓ અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ/સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો/આર્થિક રીતે નબળા વર્ગો અથવા બિન-અનામત પૈકી કઈ કેટેગરીમાંથી આવે છે તે અવશ્ય દર્શાવવાનું રહેશે.

**૮. માંગકર્તા સત્તાધિકારી (Requisitioning Authority) દ્વારા પ્રમાણપત્ર**

૮.૧ બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ્સ ધરાવતી વ્યક્તિ માટે અનામતની જોગવાઇઓનો યોગ્ય અમલ સુનિશ્ચિત કરવા માટે માંગકર્તા સત્તાધિકારીએ, યથાપ્રસંગ ભરતી એજન્સીને જગ્યા ભરવા માટેના માંગણીપત્રક મોકલતી વખતે ભરતી એજન્સી સમક્ષ નીચે પ્રમાણેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

"આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, માંગણીપત્રક મોકલતી વખતે ૧૯ એપ્રિલ, ૨૦૧૭થી અમલમાં આવેલા The Rights of Persons with Disabilities Act, 2016 અને બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ્સ ધરાવતી વ્યક્તિઓ માટે અનામત સંબંધિત નીતિનું ધ્યાન રાખવામાં આવ્યું છે. આ માંગણીપત્રકમાં નિર્દિષ્ટ ખાલી જગ્યાઓ ૧૦૦ પોઇન્ટ અનામત રોસ્ટરના આવર્તન નંબર....... ના પોઇન્ટ્સ નંબર.........માં.......નંબરની જગ્યા બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ્સ ધરાવતી વ્યક્તિઓ માટે અનામત રાખવામાં આવી છે."

ઉદાહરણ તરીકે કોઇ સંવર્ગમાં ૫૪ જગ્યાઓ ભરાયેલી છે અને ૫૫ થી ૭૮ જગ્યાઓ ભરવા માટે માંગણીપત્રક મોકલવાનું છે. આ સંજોગોમાં આગાઉ જો રોસ્ટર ક્રમાંક ૧ થી ૫૪ સુધીમાં કોઇપણ દિવ્યાંગ ઉપલબ્ધ થયેલ ના હોય તેવા સંજોગોમાં ૧૦૦ પોઇન્ટ અનામત રોસ્ટરના આવર્તન નંબર ૧ ( જે આવર્તન નંબર આવતો હોય તે) ના પોઇન્ટ્સ નંબર ૫૫ થી ૭૮ માં ૧,૨૬, ૫૧, ૭૬ નંબરની ખાલી જગ્યા બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ્સ ધરાવતી વ્યક્તિઓ માટે અનામત રાખવામાં આવી છે તેમ દર્શાવવાનું રહેશે.

૮.૨ પ્રારંભિક નિમણૂંક આપતી વખતે નિમણૂંકી સત્તાધિકારીએ બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ્સ ધરાવતી વ્યક્તિ માટે અનામત રખાયેલી જગ્યા સામે સંબંધિત ઉમેદવાર અનામતનો લાભ મેળવવા માટે લાયક હોવાનું સુનિશ્ચિત કરવાનું રહેશે.

**૯. દિવ્યાંગોની પસંદગી માટે ધોરણો હળવા કરવા બાબત**

બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ્સ ધરાવતી વ્યક્તિઓ માટે અનામત રાખવામાં આવેલી જગ્યાઓ ઉપર, નિયત કરેલ સામાન્ય ધોરણોના આધારે દિવ્યાંગ ઉમેદવારો પૂરતી સંખ્યામાં ઉપલબ્ધ ન થાય તો દિવ્યાગો માટે અનામત રાખવામાં આવેલ ખાલી જગ્યાઓ ભરવા માટે પસંદગીના ધોરણો હળવા કરીને દિવ્યાંગ ઉમેદવારોની પસંદગી કરવાની રહેશે. પરંતુ, આ રીતે પસંદ કરવામાં આવનાર દિવ્યાંગ ઉમેદવાર સંબંધિત જગ્યા માટે અયોગ્ય

હોવા જોઇશે નહીં. આ જોગવાઇને આધારે દિવ્યાંગતા પ્રમાણપત્ર આપવા માટે નિયત કરવામાં આવેલ યોગ્યતાના માપદંડોમાં કોઇ છૂટછાટ ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ્સ ધરાવતા બિનઅનામત, એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. કે ઇ.ડબલ્યુ.એસ. તમામ કેટેગરી માટે છૂટછાટના સમાન ધોરણો લાગુ પડશે. આ છૂટછાટના ધોરણોમાં કોઇપણ કેટેગરીના કોઇપણ ઉમેદવારની તરફેણમાં વધારે છૂટછાટ ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

**૧૦. તબીબી પરીક્ષણ:** ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો ૨૦૦૨ ના નિયમ ૧૧ અનુસાર, સરકારી સેવામાં જોડાનાર પ્રત્યેક વ્યક્તિએ પોતાની પ્રારંભિક નિયુક્તિ સમયે સક્ષમ સત્તાધિકારીએ આપેલ Medical certificate of fitness રજૂ કરવું જરુરી છે. બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ્સ ધરાવતી વ્યક્તિની, એક ખાસ પ્રકારની દિવ્યાંગતાથી પિડાતી વ્યક્તિ દ્વારા ધારણ કરવા માટે યોગ્ય જણાયેલ જગ્યા ઉપર નિયુક્તિ માટે, તબીબી તપાસના કિસ્સામાં સંબંધિત તબીબી અધિકારી અથવા બોર્ડને અગાઉથી જણાવવામાં આવશે કે, આ પદ કે જગ્યા, સંબંધિત કક્ષાની બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ્સ ધરાવતી વ્યક્તિ દ્વારા ધારણ કરવા માટે યોગ્ય ગણવામાં આવેલ છે, ત્યારપછી ઉમેદવારની તબીબી તપાસ આ બાબતને ધ્યાનમાં રાખીને કરવામાં આવશે.

આ ઠરાવ રાજ્ય સેવા/પંચાયત સેવા ઉપરાંત રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ/કોર્પોરેશન/જાહેર સાહસો, વૈધાનિક સંસ્થાઓ, શાળાઓ, મહાશાળાઓ અને વિશ્વ વિદ્યાલયો, સરકાર પાસેથી ગ્રાન્ટ/લોન/આર્થિક સહાય મેળવતી તમામ સંસ્થાઓ, સહકારી સંસ્થાઓ, મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓની સેવાઓને પણ લાગુ પડશે એટલે તેમણે પણ આ ઠરાવનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. આ ઠરાવ પ્રસિદ્ધ થયા તારીખથી અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બિડાણ: પરિશિષ્ટ : અ

(કે.કે.પટેલ)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,
માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત રાજ્ય માહિતી આયોગ, ગાંધીનગર.
સચિવાલયના તમામ વિભાગો. (તેમના તાબાના ખાતાના વડાઓ/કચેરીના વડાઓને યોગ્ય સુચના આપવાની વિનંતી સહ.)
સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ/અધિકારીઓ
*પત્ર દ્વારા

સામન્ય વહીવટ વિભાગના તા.૧૭/૦૯/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ.૨નું બિડાણ

પરિશિષ્ટ – અ

(બિડાણ)

## સુનિશ્ચિત કરાયેલ/નિયત વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે અનામત રોસ્ટર

| ભરતીનું વર્ષ | આવર્તન નંબર | પોઇન્ટ નંબર | જગ્યાનું નામ | નીચેની સંબંધિત કક્ષાઓ હેઠળ આવરી લેવાયેલી સુનિશ્ચિત કરાયેલ/નિયત વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે નક્કી કરાયેલી યોગ્યતા | | | | બિનઅનામત કે અનામત | નિયુક્ત વ્યક્તિનું નામ અને નિયુક્તિની તારીખ | નિયુક્ત વ્યક્તિ કક્ષા ક,ખ,ગ, અને (ઘ&ચ)માં છે કે કેમ અથવા આમાથી કોઇ નહીં.*** | વિશેષ નોંધ જો હોય તો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ક | ખ | ગ | (ઘ&ચ) | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |

સંબંધિત કક્ષાઓ

(ક) અંધત્વ અને ઓછી દ્રષ્ટિ,

(ખ) બધિર અને ઓછું સાંભળનાર,

(ગ) મગજનો લકવો, રક્તપિતની સારવારમાંથી પસાર થયેલી વ્યક્તિ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલી વ્યક્તિ અને નબળા સ્નાયુઓ સહિતની હલન ચલન વિકલાંગતા.

(ઘ) સ્વલીનતા, બૌધ્ધિક વિકલાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બીમારી.

(ચ) બહેરાશ-અંધત્વ સહિતની ખંડ (ક) થી (ઘ) હેઠળના વ્યક્તિઓમાંથી એક કરતા વધારે પ્રકારની વિકલાંગતા.

*** અનામત હોવાનું નક્કી કરવામાં આવે તો, યથાપ્રસંગ ક/ખ/ગ/(ઘ અને ચ) લખવું, અન્યથા યુ.આર. લખવું.

*** યથા પસંગ, ક/ખ/ગ/(ઘ & ચ) અથવા આમાંથી કાઇ નહીં લખવું.

(પત્રક-1)

## તા.૦૧-૦૧-૨૦૦૦ થી ૧૬-૦૯-૨૦૨૧ થી સુધી

**સામાન્ય વહીવટી વિભાગના તા.૦૩-૦૮-૨૦૧૧નાં ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૨૦૦૯/૯૩૧૨૭/ગ.૨ નું બિડાણ પત્રક**

**વિકલાંગ વ્યક્તિઓની સીધી ભરતીથી ભરવાની જગ્યાઓનો રોસ્ટર રજીસ્ટરનો નમૂનો**

શાળાનું નામ અને સરનામું :-

સંવર્ગ :-

વિભાગનું નામ :-

| ભરતીનું વર્ષ | આવર્તન નંબર અને રોસ્ટર પોઈન્ટ નંબર | જગ્યાનું નામ | જો કોઈ જગ્યા ચોક્કસ પ્રકારની અપંગતા માટે સુનિશ્ચિત કરાયેલ હોય તો | | | બિન અનામત કે અનામત | નિયુક્ત વ્યક્તિનું નામ | નિયુક્તિની તારીખ | નિમણુંક પામેલ વ્યક્તિ VH/HH/OH કે કોઈ નહિ | રિમાર્ક્સ જો હોય તો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ (VH) | શ્રવણની ખામી (HH) | હલનચલન વિકલાંગતા અથવા મગજનો લકવો (OH) | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |

(પત્રક-૨)

## તા.૧૭-૦૯-૨૦૨૧ થી આજ દિન સુધી

### સામાન્ય વહીવટી વિભાગના તા.૧૭/૦૯/૨૦૨૧નાં ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૨૦૧૭/૧૨૨૬૩૯/ગ.૨ નું બિડાણ પત્રક

### વિકલાંગ વ્યક્તિઓની સીધી ભરતીથી ભરવાની જગ્યાઓનો રોસ્ટર રજીસ્ટરનો નમૂનો

શાળાનું નામ અને સરનામું :-

સંવર્ગ :-

વિભાગનું નામ :-

| ભરતીનું વર્ષ | આવર્તન નંબર | રોસ્ટર પોઈન્ટ નંબર | જગ્યાનું નામ | નીચેની સંબંધિત કક્ષા હેઠળ આવરી લેવાયેલ, સુનિશ્ચિત કરાયેલી/નિયત વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે નક્કી કરાયેલ યોગ્યતા | | | | બિન અનામત કે અનામત | નિયુક્તિ વ્યક્તિનું નામ | નિયુક્તિની તારીખ | નિયુક્તિ વ્યક્તિ ક,ખ,ગ અને (ઘ અને ચ) કક્ષામાં છે કે કેમ અથવા કોઈ નહિ | વિશેષ નોંધ (જો હોય તો) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ક | ખ | ગ | ઘ અને ચ | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |